ઓગષ્ટ ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## સંતોષનું સુખ

# અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

'મને આજે કેડબરી ખાવાની ઈચ્છા થાય છે.'

'આની ઘડિયાળ કેટલી સરસ છે ! મને પણ આવી જોઈએ છે.'

'મને 'આ' મળતું નથી માટે મને જરાય ચેન પડતું નથી.'

ઓહોહો ! આપણી પાસે કેટલું બધું હોવા છતાં કોઈ એક વસ્તુ ન હોવાથી આપણને ચેન પડતું નથી હોતું. જે છે એનો સંતોષ ન હોવાથી આપણે આનંદમાં નથી રહી શકતા.

તો આવો, આ અંકમાં આપણે 'ઈચ્છા'નું વિજ્ઞાન સમજીએ. એનું સ્વરૂપ અને એના પરિણામ તેમ જ એની સામે 'સંતોષ' તરફ કઈ રીતે વળાય ? વગેરેના સુંદર ફોડો પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપ્યા છે. તે વાંચીએ અને સમજીને સંતોષ તરફ વળીએ.

-ડિમ્પલ મહેતા


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૧૨
સળંગ અંક : ૭૨
**ઓગષ્ટ ૨૦૧૪**

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# સંતોષનું સુખ

## અનુક્રમણિકા


૩ દાદાજી કહે છે...
૪ આ તો નવી જ વાત !
૬ સુખી માણસનું પહેરણ
૧૦ ઈચ્છાનો ઘડો
૧૩ તમારી જાતને ચકાસી જુઓ !
૧૫ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૮ મીઠી યાદેં



# દાદાજી કહે છે...

*પ્રશ્નકર્તા :* ઈચ્છા કેવી રીતે ઊભી થાય છે?

*દાદાશ્રી :* આપણો ભાઈબંધ સિનેમા જોઈને આવ્યો હોય, તે ઘડીએ આપણને પણ મનમાં એમ થાય કે 'આપણે પણ સિનેમા જોવા જઈશું.' એ ઈચ્છા મહીં ઊગે. ભાઈબંધનું જોઈને સિનેમા જોવાની ઈચ્છા થઈ પછી સિનેમા જોવા ના જાય ત્યાં સુધી શાંતિ થાય નહીં.

*પ્રશ્નકર્તા :* કોઈ વખત કોઈની ગાડી જુએ એટલે પોતાનેય ગાડી જોઈએ એવી ઈચ્છા થાય. એવું કેમ થાય છે?

*દાદાશ્રી :* પોતે મહીં ધરાયેલો (સંતોષ) ના હોય એટલે. પછી ગાડી લે એટલે સંતોષ થાય. સંતોષ એનું નામ કે ઈચ્છા પૂરી થાય એટલે સંતોષ થાય.

*પ્રશ્નકર્તા :* પણ ઈચ્છા કાયમની કેવી રીતે પૂરી થાય? એક ઈચ્છા જાય ને બીજી આવે છે.

*દાદાશ્રી :* એ તો હંમેશા બીજી આવે જ. આ ઈચ્છાઓનો સમુદ્ર છે. એક ઈચ્છા પૂરી થાય ત્યારે બીજી શરૂ થાય. ઉપરાઉપરી આવ્યે જ જાય.

*પ્રશ્નકર્તા :* તો સંતોષ કેવી રીતે રહે?

*દાદાશ્રી :* એ તો જેમ જેમ જ્ઞાન-સમજણ આવે, તેમ તેમ સંતોષ થાય કે આ દુઃખદાયી છે. મોહના માર્યા આ લાવીએ છીએ ખરાં પણ એ દુઃખદાયી છે એવું ખબર પડે. એટલે પછી એ બાજુનું પ્લસ-માઈનસ થઈને પછી સંતોષ થઈ જાય. સંતોષ થવા માટે એ જ્ઞાનની જરૂર છે. સાચી સમજણ આવે એટલે મન વાંધો ન ઊઠાવે એટલે એ સંતોષ થાય.


*પ્રશ્નકર્તા :* એટલે દાદા, જેનામાં સહજ સંતોષ આવ્યો હોય, એનું ડેવલપમેન્ટ વધારે હોય છે?

*દાદાશ્રી :* હા, ઘણું ડેવલપમેન્ટ.

*પ્રશ્નકર્તા :* સહજ સંતોષ કઈ રીતે આવે?

*દાદાશ્રી :* કેટલાય અવતારથી 'આમાં સુખ નથી, આમાં સુખ નથી' એવું શોધખોળ કરીને તારણ કાઢેલું હોય ત્યારે આવે.

આ જગતમાં કોઈ ચીજ એવી નથી કે જેનાથી ઈચ્છા ઓલવાય. અમુક સમજણ આવે પછી સંતોષ રહે. સંતોષ એ એક પ્રકારનું જ્ઞાન છે, ડેવલપમેન્ટ છે. સંતોષધન આવે, પછી એની ખુમારી જ ઓર પ્રકારની હોય!





# આ તો નવી

ઈચ્છા એટલે રૂમાં દિવાસળી ચાંપવી. કોઈ પણ જાતની ઈચ્છા થઈ કે અગ્નિ સળગ્યો. એ અગ્નિ ઓલવાય નહીં (એટલે ઈચ્છા પૂરી ન થાય) ત્યાં સુધી સળગ્યા જ કરે.



ઈચ્છા એ ભીખ છે. જે સહજ મળે તે ભોગવવું. જે આવ્યું હોય તેને નિરાંતે ખાવું-પીવું, બધું જ કરવું. ના આવે તો કંઈ નહીં. આ તો ઈચ્છા કરીને ભીખ માંગે કે 'પેલુંય મળે તો કેવું સરસ !' અને મળે છે એમાં સંતોષ નથી.



જેની તીવ્ર ઈચ્છા થઈ તે વસ્તુ ભેગી થયા વગર રહે જ નહીં. બે વર્ષે, પાંચ વર્ષેય ભેગી થાય. તીવ્ર ઈચ્છા સ્વંય કહે છે કે તે પૂરી થવાની જ.

# જ વાત !

તમારે બધાએ મહીં તપાસ કરવી કે કઈ કઈ ઈચ્છાઓ મહીં રહી ગઈ છે. પહેલું પૂછવું કે સિનેમા જોવા જવાની ઈચ્છા છે? પછી બીજું પૂછવું, ત્રીજું પૂછવું. મહીંથી જવાબ મળશે. પછી રોજ સવાર થતાંની સાથે પાંચ વખત સાચા દિલથી બોલવું, 'આ જગતની કોઈ પણ વિનાશી ચીજ મને જોઈતી નથી.' આટલું બોલીને ચાલવું. તેમ છતાં ઈચ્છા થઈ જાય તો ફરી ફરી આ નિશ્ચય કરવો. પછી જોખમદારી ના રહે.





નિરીચ્છક એટલે જેને કોઈ પણ પ્રકારની ઈચ્છા ના હોય. નિરીચ્છકને દરેક વસ્તુ સામેથી આવીને મળે, એની મેળે જ આવે. ઈચ્છા ના કરો તો ય આવી પડે. તેને જ્ઞાનીનું પદ મળે.



# સુખી માણસનું પહેરણ

ઘડિયાળમાં અગિયારના ટકોરા પડ્યા. "હિતાર્થ, ઊંઘી જાને હવે, શું ક્યારનો પાસા ફેરવ્યા કરે છે !" ચિન્મય પોતાની રજાઈમાંથી બોલ્યો.

પણ જ્યારથી હિતાર્થ એના મામાના ઘરેથી આવ્યો હતો ત્યારથી એની ઊંઘ જ ઊડી ગઈ હતી. બેંગ્લોર શહેરની ઝાકમઝાળ જોઈને હિતાર્થ અંજાઈ ગયો હતો. એના કઝીન, અંકુરની વસ્તુઓ જોઈને, એવી જ વસ્તુઓ મેળવવાની ઈચ્છા એની અંદર સળગી રહી હતી.

"ચિન્મય, કાશ આપણે પણ બેંગ્લોરમાં રહેતા હોત ! અંકુર કેટલો લકી છે ! કેવા જોરદાર હાઈ-રાઈઝ બિલ્ડીંગમાં રહે છે ! એના રૂમમાંથી વ્યૂ જોયો હતો ? અને આપણો રૂમ જો !" હિતાર્થ નિરાશ થઈને બોલ્યો.

"હમ્મ, સારો વ્યૂ હતો. પણ આપણા રૂમનો વ્યૂ પણ સરસ જ છે ને !," ચિન્મયે સુતા સુતા જવાબ આપ્યો.

"શું ધૂળ સારો છે ?" હિતાર્થ અકળાઈને બોલ્યો, "આપણા રૂમમાંથી ખાલી ઝાડવાં દેખાય છે, અને એના રૂમમાંથી તો દુનિયા દેખાતી હતી. મારે તો ફરી ત્યાં જવું છે. મારે તો ત્યાં જ જઈને રહેવું છે."

ચિન્મયે રજાઈમાંથી ડોકિયું કરીને જોયું તો હિતાર્થ મોઢું લટકાવીને બારી પાસે બેસી ગયો હતો. ચિન્મય પથારીમાંથી ઊઠ્યો અને એની પાસે ગયો.


"ભાઈ, આપણી પાસે જે હોય તે ભોગવવું. કોઈની વસ્તુઓની ઈચ્છા કરીને શું કામ દુ:ખી થવાનું ?" થોડી વાર થોભીને ચિન્મયે બારીની બહાર નજર ફેંકતા પૂછ્યું, "આ ચંદ્રમા જો, કેવા સુંદર દેખાય છે ! એ કોઈ દિવસ સૂર્ય જેવું થવાની ઈચ્છા કરતા હશે ?"

"ના, એવી તુલના કોણ કરે ? બંને પોતપોતાની જગ્યાએ યોગ્ય જ છે !" હિતાર્થે કહ્યું.

"બરાબર છે, એમ આપણને જે મળ્યું એ આપણા માટે યોગ્ય છે, અને બીજાને જે મળ્યું એ એના માટે યોગ્ય છે. ખોટી તુલના અને ઈચ્છાઓ કરીને દુ:ખી શું કામ થવાનું ? ચિન્મયે હિતાર્થને સમજાવવાનો પ્રયત્ન કર્યો.


પણ હિતાર્થને કશું સમજાતું નહોતું. બસ, દિવસ-રાત બેંગ્લોર જવાની ધૂન એના પર સવાર થઈ ગઈ હતી.

અને આખરે એક દિવસ, હિતાર્થની તીવ્ર



ઈચ્છા પૂરી થઈ.

ઉનાળાની રજાઓમાં ચિન્મયે સમર કેમ્પમા જવાનું નક્કી કર્યું અને મમ્મી, હિતાર્થને લઈને થોડા દિવસ માટે બેંગ્લોર ગયા.



એ ખુશમાં હતો. બેંગ્લોરથી એ પહેલેથી આકર્ષાયો તો હતો જ ! આજે થીમપાર્ક તો કાલે મોલ, રોજ એને જુદી જુદી જગ્યાએ ફરવા જવાની અને નવું નવું લેવાની ઈચ્છા થતી. બધુ કરવા છતાં એને કંઈ ને કંઈ વાંકું પડતું અને અસંતોષ રહેતો. પરિણામે એ દુ:ખી જ રહેતો.


એક સાંજે મમ્મી, હિતાર્થ અને અંકુરને શોપિંગ કરવા લઈ ગયા. અંકુર અને હિતાર્થે એમની પસંદગીના શુઝ અને ગેમ્સ ખરીદ્યા. ઘરે આવ્યા પછી હિતાર્થને પોતાની પસંદગી પર ખેદ થવા લાગ્યો અને અંકુર જેવા શુઝ ખરીદવાની ઈચ્છા થઈ.



"મમ્મી, મારે પણ અંકુર જેવા શુઝ ખરીદવા છે" હિતાર્થે ધીમા અવાજે પોતાની ઈચ્છા વ્યક્ત કરી.

હિતાર્થના આવા અસંતોષી વલણથી મમ્મી સખત કંટાળી ગયા હતા. અકળાઈને એમણે કહ્યું, "હિતાર્થ, શુઝ તો બાજુએ રહ્યા, હવે આ આખી ટ્રીપમાં તારા માટે બીજી કોઈ ખરીદી નહીં કરું. તારી માંગણીનો કોઈ અંત જ નથી આવતો!"

મમ્મીના આવા કડક વેણથી હિતાર્થ રિસાઈને બાલ્કનીમાં દોડી ગયો. સળિયા પર હાથ



વાળીને દૂર નજર માંડીને ઊભો રહી ગયો. હીંચકા પર ઝુલતા દાદાજીએ બધી જ વાતો સાંભળી હતી. ધીમે રહીને એમણે હિતાર્થને કહ્યું, "દીકરા, આવ મારી પાસે બેસ."

મોઢું ફુલાવીને હિતાર્થ એમની બાજુમાં બેઠો. થોડીવાર સુધી ચુપકીદી છવાઈ ગઈ. પછી દાદાજી બોલ્યા, "આજે મને એક જાણીતી વાર્તા યાદ આવી. સાંભળીશ તું?"

હિતાર્થને વાર્તાઓ સાંભળવામાં ખૂબ રસ પડતો. ડોકું હલાવીને એણે "હા" પાડી.

દાદાજીએ વાર્તા શરૂ કરી, "એક રાજા હતો. અત્યંત સમૃદ્ધ હોવા છતાય એ દુ:ખી હતો. રાજાને તો કઈ વાતની કમી હોય? જાત જાતની અને ભાત ભાતની વસ્તુઓ રાજા પાસે મળે. જે જે વસ્તુઓની એ ઈચ્છા કરતો, તે બધી જ વસ્તુઓ એની પાસે હાજર થઈ જતી. પણ છતાંય તે આખો દહાડો અંદરથી બળ્યા જ કરતો. એની ઈચ્છાઓ ક્યારેય શમતી જ નહીં અને એ મનમાં સતત પીડા અનુભવતો.

એક વાર એના દરબારમાં એક સંત પધાર્યા. રાજાએ પોતાની વ્યથા સંતને જણાવી. સંતે કહ્યું કે 'કોઈ સુખી માણસનું પહેરણ લઈ આવીને પહેર તો તું સુખ અનુભવીશ.'

રાજાએ પોતાના રાજ્યમાં સુખી માણસના પહેરણની શોધ શરૂ કરાવી. ખૂબ શોધ કર્યા પછી છેવટે એક દિવસ દરવાને આવીને રાજાને કહ્યું, "રાજાજી, સુખી માણસ મળી ગયો!"

આ સાંભળી રાજા ઉત્સાહમાં આવી ગયો, "એમ! તો ક્યાં છે એનું પેહેરણ?"

દાદાજી થોડા થોભ્યા. હિતાર્થને રાજાની વાર્તામાં

ખૂબ રસ પડી ગયો હતો. અધીરાઈથી એણે પૂછ્યું, "પછી શું થયું દાદાજી?"

દાદાજીએ વાર્તા આગળ ચલાવી.

દરવાન મોઢું નીચું રાખીને બોલ્યો, "એ સુખી ફકીરના શરીર પર પહેરણ જ નહોતું."

આ સાંભળી રાજાને આંચકો લાગ્યો. સંતે રાજાને સમજાવતા કહ્યું, "રાજાજી, તમે ભૌતિક વસ્તુઓની ઈચ્છા રાખી, એ વસ્તુઓમાંથી સુખ ખોળવાનો પ્રયત્ન કરો છો. પણ સુખ આ ભૌતિક વસ્તુઓમાં છે જ નહીં. ખરું સુખ તો સાચી સમજણમાં છે. ફકીર પાસે આપના જેવુ રાજ-સુખ કે વૈભવ નથી, પણ એની પાસે સંતોષનું ધન છે. અને એ સંતોષના ધનની એને ખુમારી છે. એ ફકીર ઈચ્છા નથી કરતો તો પણ એને જરૂરિયાતની વસ્તુઓ મળી જ રહે છે. ઈચ્છાની અગ્નિમાં એ ક્યારેય બળતો નથી અને તેના કારણે જ એ આટલો સુખી છે!"

વાર્તા પતાવીને દાદાજીએ હિતાર્થને કહ્યું, "બેટા, તારા મમ્મી-પપ્પા હંમેશા તારા જરૂરિયાતની અને શોખની વસ્તુઓ તને લાવી આપે છે. તેમ છતાંય, તુ પેલા રાજાની માફક નાહકની ઈચ્છાઓ કરીને હમેંશા દુઃખી જ રહે છે. હવે તું જ બોલ, તારે રાજાની માફક દુઃખી રહેવું છે કે ફકીરની માફક સુખી થવું છે?"


એ જ ક્ષણે હિતાર્થે ફકીરની માફક સુખી રહેવાનું નક્કી કરી કાઢ્યું.

બેંગ્લોરથી પાછા ફર્યા પછી, એક દિવસ હિતાર્થ અને ચિન્મય એમના રૂમની બારી પાસે રાખેલા સ્ટડી-ટેબલ પર પોતાનું હોમવર્ક કરી રહ્યા હતા. અચાનક, હિતાર્થ રૂમની બહાર જોવા લાગ્યો.

"શું જુએ છે?" ચિન્મયે જિજ્ઞાસા પૂર્વક પૂછ્યું.


"કંઈ નહીં, બસ એ જ કે આપણા રૂમનો વ્યૂ પણ કેટલો સરસ છે!"

બંને હસી પડ્યા અને ફરી માથું નીચું કરીને હોમવર્ક કરવા લાગ્યા.



# ઈચ્છાનો ઘડો





એક રાજા હતો. રાજાની જેમ પ્રજા પણ એની ખૂબ સુખી. રાજાનો એક દરવાન હતો. એ રાજાનો ખુબ ચાહીતો અને માનીતો હતો.
એક દિવસ, રોજ મુજબ કામ પૂરું કરીને દરવાન એના ઘરે જઈ રહ્યો હતો. એક વિરાટ ઝાડ નીચેથી પસાર થતાં એને એક અવાજ સંભળાયો
સાત ઘડા ભરીને સોનામહોરો જોઈએ છે ?
દરવાને આજુબાજુ જોયું તો કોઈ ના દેખાયું. એને નવાઈ લાગી.
તારા ઘર પાછળ મેં સાત ઘડા ભરીને સોનામહોરો મૂકી છે.
આ સાંભળી દરવાન ઘરે દોડ્યો. પત્નીને લઈને ઘરની પાછળ ગયો. સોનામહોરો ભરેલા ઘડા જોઈને એ ચકિત થઈ ગયો.
પણ આ શું ? આ સાતમો ઘડો તો અડધો જ છે !
આપણી સાત પેઢી નિરાંતે ખાઈ શકે એટલું બધું ધન આપણી પાસે થઈ ગયું.



પણ આ સાતમો ઘડો કેવી રીતે ભરીશું ?
એની શું જરુર છે ? આટલું મળ્યું છે, એ જ બહુ છે.
ચૂપ રહે ગાંડી.
અને સાતમો ઘડો ભરવાની ઈચ્છા દરવાનની અંદર જાગી ઊઠી.
એણે ઘરમાં પડેલા બધા દાગીનાઓની સોનામોહરો બનાવી કાઢી. છતાં ઘડો ના ભરાયો.
રાજાને ખુશ કરું જેથી ઈનામમાં સોનામહોરો મળે અને આ ઘડો ભરાઈ જાય.
એ રાજાની ખુશામત કરવા લાગ્યો. રાજા પણ એની ચાકરીથી ખૂશ થઈ એને ઈનામ આપતા. ઈનામમાં મળેલી સોનામહોરો લાવી એ ઘડામાં ભરતો. આશ્ચર્યની વાત એ હતી કે ગમે તેટલું કરવા છતાંય એ સાતમો ઘડો ભરાતો જ નહોતો.


હવે એને રાજા પાસેથી મળતું ઈનામ ઓછું લાગવા લાગ્યું.
આપણા રાજા બહુ કંજૂસ છે. આપણે આ રાજ્ય છોડીને બીજા રાજ્યમાં જઈને વસીએ. ત્યાં આપણે ઘણું ધન કમાઈશું.
ધન નહીં, હવે પુણ્ય કમાવવાની જરૂર છે. ભગવાનની દયાથી આપણી પાસે ઘણું ધન થઈ ગયું છે. હવે દાન-ધર્મ કરીને સંતોષથી જીવીએ.
પણ દરવાનને પત્નીની વાત ગળે ન ઉતરી. એના ઉંઘ-આરામ હરામ થઈ ગયા. એ આખો દિવસ સાતમો ઘડો ભરવા માટે શું કરું એના નુસખા શોધવા લાગ્યો.
એ ઘડો ભરવાની ઈચ્છા દરવાનની અંદર એટલી બધી હદે સળગી ઊઠી હતી કે એક વખત સુખી અને સંતુષ્ટ રહેતો દરવાન સાવ બેચેન અને પાગલ જેવો બની ગયો !
ઈચ્છાનો ઘડો પણ આવો જ છે ! એ ક્યારેય ભરાય જ નહીં. પારકી વસ્તુઓની ઈચ્છા રાખીએ તો આપણે પણ એ દરવાનની જેમ આપણું સુખ-ચેન ગુમાવી દઈએ.

# તમારી જાતને ચકાસી જુઓ !

દાદાજી કહે છે કે ઈચ્છા એ અગ્નિ કહેવાય. તો મિત્રો, આજે તમે ફાયર-ફાઈટર બનીને, તમારા ફ્રેન્ડસને એ અગ્નિ ઓલવવામાં મદદ કરો.

નીચે આપેલા પ્રસંગોમાંથી શોધો કે ક્યા મિત્રોને ઈચ્છાની અગ્નિ લાગી છે ? એ આગને ઓલવવા માટે યોગ્ય ફાયર-એક્સટિંગ્વિસર (આગ ઓલાવવાનું સાધન) શોધી, ટેબલમાં તમારો જવાબ લખો.

**૧. ફોનની ઘંટડી વાગી, એટલે ભૂમિ ફોન લેવા કૂદી....**

"હાય ભૂમિ, તન્વી બોલું છું, આ સન્ડે મારી બર્થ-ડે પાર્ટી છે અને તારે ચોક્કસ આવવાનું છે," તન્વીએ ભૂમિને આમંત્રણ આપતા કહ્યું.

"ભૂમિને તો કેટલી બધી પાર્ટીઓમાં જવાનું ઈન્વિટેશન મળે છે. એ કેટલી મજા કરે છે અને મને તો કોઈ ક્યારેય બોલાવતું જ નથી." આ વિચારથી ભૂમિની નાની બહેન રિદ્ધિ, જે થોડી ક્ષણો પહેલા ખુશ હતી, તે દુ:ખી થઈ ગઈ.

**૨. સન્ડે સાંજે તન્વીના ઘરે ભારે ચહલ-પહલ હતી.**

"તન્વી, કેટલી ફેમસ છે ને ! જાણે આખી સ્કૂલ જ એની પાર્ટીમાં આવી ગઈ છે ! કાશ, આપણે પણ આટલા ફેમસ હોત !" કોલ્ડડ્રીંક પીતા નીતિ બોલી.

"છોડ ને, મને તો ભૂખ લાગી છે. ડિનરમાં પિઝ્ઝા હોય તો સારું. કેટલા દિવસથી પિઝ્ઝા ખાવાનું મન થયું છે," ભૂમિ બોલી.

ડીનરમાં પિઝ્ઝા નહોતા એટલે ભૂમિનો મૂડ ઓફ થઈ ગયો. બસ, પિઝ્ઝા ખાવાનું ભૂત એના મન પર સવાર થઈ ગયું.

**૩. થોડી વારમાં બધાએ ગેમ શરૂ કરી.**

"યાર, પેલા લોકો કંઈ જોરદાર વિડ્યિો જોતા હોય એવું લાગે છે. ચાલ, આપણે એમની સાથે જોડાઈ જઈએ" મોટા છોકરાઓના ગ્રુપ તરફ ઈશારો કરતા અશ્મીએ નિકિતાને કહ્યું.

"અરે, આપણે શું કામ છે ? આપણે પણ તો મજા જ કરી રહ્યા છીએ ને ? તું આપણી ગેમ પર ધ્યાન રાખ ને !" નિકિતાએ અશ્મીને કહ્યું.

**૪. પાર્ટી પૂરી થઈ એટલે તન્વીના મમ્મી સહુને રીટર્ન ગિફ્ટસ આપતા હતા. અચાનક એમને ખ્યાલ આવ્યો કે એક ગીફ્ટ ઓછી હતી. તેઓ ગૂંચાઈ ગયા.**

રૂચીએ આંટીને સાઈડમાં બોલાવી કહ્યું, "આંટી, અમે પાર્ટીમાં બહુ મજા કરી છે. તમે જરાય ચિંતા ના કરો. તમે બધાને ગિફ્ટસ આપી દો. હું તો આ મજાની યાદ મારી સાથે લઈને જઈશ."

આગળના દર્શાવેલા પ્રસંગમાં, કોને કોને ઈચ્છાની અગ્નિ સળગાવી રહી છે, તે આ ટેબલમાં લખો.

| મિત્રનું નામ | ઈચ્છાની અગ્નિ લાગી છે ? (હા/ના) |
|---|---|
| ભૂમિ | |
| રિદ્ધિ | |
| તન્વી | |
| નીતિ | |
| અશ્મી | |
| નિકિતા | |
| રૂચી | |

**હવે નીચે આપેલા ફાયર-એક્સટિંગ્વિસરમાંથી યોગ્ય ફાયર-એક્સટિંગ્વિસર શોધી, એના પર સર્કલ કરો.**

**૧.** તન્વીના મમ્મીને પિઝ્ઝાની હોમ-ડિલિવરી કરાવવાનું સૂચન આપવું.

**૨.** પાર્ટીમાં જવાનું મન થાય, તો પહોંચી જવાનું. આમંત્રણની શું જરૂર છે ?

**૩.** અવારનવાર ઘરે પાર્ટી યોજીને સહુને બોલાવવા, ફેમસ થવું.

**૪.** આપણે મનને સમજાવવું, 'દરેક વસ્તુ કુદરતી રીતે, એના ટાઈમે, એની મેળે જ આવીને મળે. તમે ઈચ્છા ના કરો તોય આવી પડે અને ઈચ્છા કરો તોય કાંઈ ફેરફાર થવાનો નથી. ઉલટું ઈચ્છા બળતરા કરાવે એ વધારાનું. હું કેમ એમાં પડું?'

**૫.** રીટર્ન ગીફ્ટ પોસ્ટ કરવા માટે પોતાના ઘરનું સરનામું મૂકી દેવું.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ



તેરમી સદીની આ વાત છે. ગુજરાતમાં એક તેજસ્વી મહાપુરુષ થઈ ગયા. વસ્તુપાળ એમનું નામ. એમણે આચાર્ય વિજયસેનસુરીજીને એમના ગુરૂપદે સ્થાપ્યા હતા. આચાર્યને એક શિષ્ય હતા. સદા આત્મ સાધનામાં લીન રહેતા આ શિષ્ય, ગુરૂની સંપૂર્ણ આધિનતા અને વિનયમાં હતા.

તે વખતના રાજા વીરધવલે વસ્તુપાળને ગુજરાતના મહામંત્રી પદે સ્થાપ્યા. વસ્તુપાળ અને એમના નાના ભાઈ તેજપાળે મળીને પોતાની શક્તિ અને આવડતથી ગુજરાતને સમૃદ્ધ બનાવી દીધું હતું.

પણ મહામંત્રી વસ્તુપાળને ઘણા વખતથી એક વાતની ચિંતા સતાવ્યા કરતી. દેવભૂમિ શેત્રુંજય મહાતીર્થનો વહીવટ જે કોઈને સોંપવામાં આવતો, તે લોભને વશ થઈને દેવધનનો રક્ષક રહેવાને બદલે ભક્ષક બની જતો. મહાતીર્થ શેત્રુંજય પર લોકોને અપાર ભક્તિ હતી, પણ એ દેવધનનું રક્ષણ કરવા સુયોગ્ય પ્રમાણિક માનવી નહોતો.

એક દિવસ, મહામંત્રી પોતાના ગુરૂ આચાર્ય વિજયસેનસૂરી પાસે ગયા. આચાર્યને વંદન કરતી વખતે એમની નજર પેલા આચાર્યના વયોવૃદ્ધ શિષ્ય પર પડી. એક ખૂણામાં તેઓ શાંત ચિત્તે બેઠેલા. મંત્રીશ્વર એ શિષ્યને નીરખી રહ્યા. એમને મનમાં વિચાર આવ્યો, "શેત્રુંજયના વહીવટ માટે આવો જ કોઈ માનવી જાય તો ! જેને સંપત્તિ તણખલા જેવી હોય ! તો એ મહાતીર્થનો વહીવટ આદર્શ બની જાય. દેવધનનો નાશ અટકી જાય અને અમારા માથેથી મોટી ચિંતા દૂર થઈ જાય."



મહામંત્રીએ પોતાના મનની વાત ગુરૂ પાસે રજુ કરી, "ગુરૂદેવ, દેવધનનો નાશ થતો હોય તો એની અવગણના કરવી સારી કે એની રક્ષા માટે પ્રયત્ન કરવો સારો ?"

ગુરૂએ તરત જ કહ્યું, "આવો પ્રશ્ન તો વળી પૂછવાનો હોય ? દેવધનની તો પ્રાણ આપીને પણ રક્ષા જ કરવાની હોય ને ?"

"તો ગુરૂદેવ, મારી એક વિનંતી ધ્યાનમાં લેવા કૃપા કરો. મહાતીર્થ શેત્રુંજયનો વહીવટ કથળી રહ્યો છે. એના વહીવટ માટે પ્રામાણિક, નીતિપરાયણ અને ધર્મભાવનાશીલ માણસ મળે તો જ કામ ચાલે તેમ છે. અને એ માટે મારી નજર આ વયોવૃદ્ધ મુનિવર પર ઠરે છે. આપ આજ્ઞા કરો કે આ મુનિવર આ જવાબદારી સંભાળવા તૈયાર થાય. આપ તો શાસનના શુભચિંતક છો. માટે મારી આ વિનંતી નકારશો નહિ."

આચાર્ય આ વિનંતી સાંભળી દ્વિધામાં પડી ગયા. ક્યાં સર્વ મોહથી દૂર રહીને આત્મ-સાધના કરવાવાળું મુનિજીવન અને ક્યાં આ અનેક જંજાળોથી ભરેલું કામ !

આચાર્યના ગળે આ વાત ઊતરી નહીં પણ મંત્રીશ્વરની ખૂબ જ ભાવનાશીલ વિનંતીનો તેઓ

ઈનકાર ના કરી શક્યા.

આચાર્યએ વૃદ્ધ મુનિવરને બોલાવીને આજ્ઞા કરી, "મુનિ, આપણા મંત્રી કહે છે તે પ્રમાણે તમારે શત્રુંજય મહાતીર્થની સેવા કરવાની છે."

પોતે સહમત ના હોવા છતાં છેવટે મુનિવરે ગુરૂની આજ્ઞા સ્વીકારી અને શેત્રુંજયના વહીવટની દેખરેખ રાખવા પહોંચી ગયા.

મુનિ સાવધાની રાખીને પોતાની ફરજ બજાવતા હતા. તીર્થભૂમિનો વહીવટ સુધરતો ચાલ્યો. દેવધનની રક્ષા થવા લાગી. દેવધનમાંથી પોતાનો સ્વાર્થ સાધનારા દુ:ખી થઈ ગયા. એમને થયું જાણે એમનું સુખનું સાધન હણાઈ ગયું! એ લોકને મુનીવર આંખના કણાની જેમ ખૂંચવા લાગ્યા. એમને તો હમેંશા એક જ વિચાર આવતો, 'કેવી રીતે આ ઉપાધી ટળે?' અને એમણે પોતાની મોહક માયાજાળ બિછાવવા માંડી.

એક દિવસ એ બધા સ્વાર્થી લોકોએ મળીને મુનિવરને લાગણીભર્યા સ્વરે વિનંતી કરી, "મહારાજ, આપ તો કેવા મોટા તીર્થના રખેવાળ છો! આપને મળવા તો મોટા મોટા શાહુકારો અને રાજાઓ આવે છે. આપને આવા મેલા, ફાટેલા ગાભા જેવા વસ્ત્રો કંઈ શોભે? મોભા પ્રમાણે વસ્ત્રો તો જોઈને?"

મુનિ મૌન રહ્યા અને દંભી લોકોએ એમની કાયાને સુંદર વસ્ત્રોથી મઢી દીધી. વળી, એક દિવસ એમણે કહ્યું, "આપને તો મોટા મોટા ઠાકોરો સાથે વાત કરવી પડે. ત્યારે મોંમાંથી કંઈ સુગંધ તો આવવી જોઈએ ને! અને આમ કહી એમણે મુનિના મોમાં સુગંધી મસાલાઓ મૂકી દીધા.

મુનિ તો એમ જ માનતા હતા કે "આમાં મારે શી લેવાદેવા? મારે તો કર્તવ્યની દૃષ્ટિએ આ બધું અનિચ્છાએ કરવું પડે છે."

પણ ખરેખર તો મુનિની અંદર આ બધી ભૌતિક વસ્તુઓની ઈચ્છા જાગી ઊઠી હતી.


ત્યારબાદ, મુનિ માટે સ્વાદિષ્ટ ભોજનની સામગ્રીઓ પણ તૈયાર થવા લાગી. પછી તો વાત એટલી બધી આગળ વધી ગઈ કે મુનિને પગે ચાલવું મુશ્કેલ લાગવા લાગ્યું. તેઓ પાલખીનો ઉપયોગ કરવા લાગ્યા. ક્યારેક પાલખી વખતસર ના મળતી તો તેઓ રાતા પીળા થઈ જતા.

દંભી લોકોનું તીર બરાબર લાગી ચુક્યું હતું. મુનિ ધીમે ધીમે ત્યાગનો માર્ગ ચૂકીને ભૌતિક સુખો મેળવવાના માર્ગે સરકી રહ્યા હતા.

એક વાર મહામંત્રી વસ્તુપાળ શેત્રુંજય તીર્થની યાત્રાએ નીકળ્યા. યાત્રા કરીને તેઓ નગર તરફ જતા હતા. રસ્તામાં એમને કુતુહલ થાય એવું દૃશ્ય જોયું. પંદર વીસ માણસોનું ટોળુ કોઈ માનવીને પાલખીમાં બેસાડીને જયજયકાર પોકારતું હતું.


વસ્તુપાળે રસ્તામાં કોઈકને પૂછ્યું, "આ શું ધમાલ છે?"

એ વ્યક્તિએ જવાબ આપ્યો, "જે મુનિ તીર્થનો વહીવટ સંભાળવા અને દેવધનનું રક્ષણ કરવા આવ્યા છે, એ પાલખીમાં બેસીને જઈ રહ્યા છે. ભારે ઠાઠ જમાવ્યો છે એમણે તો! એમનો પ્રભાવ પણ ખૂબ છે! સૌ એમનો જય જયકાર બોલાવે છે!"



બોલનારના મનમાં ભારે અહોભાવ હતો પણ વસ્તુપાળને થયું, 'મુનિનું આટલું મોટું પતન! હે ભગવાન, એક દોષને દૂર કરતા હું તો બે દોષનો ભાગીદાર બની ગયો! ત્યાગી ભોગી બની

ગયા અને ભોળા ભદ્રિક લોકો અધર્મના માર્ગે વળી ગયા! અને દેવધનની દશા તો હતી એવી ને એવી જ રહી!'



મંત્રીશ્વર કકળી ઊઠ્યા. તુરંત એમણે પોતાના મન પર કાબુ મેળવી લીધો. સ્વસ્થ થઈને પાલખી પાસે પહોંચી ગયા અને મુનિને ખૂબ આદરપૂર્વક વંદન કર્યાં.

મુનિ પ્રત્યે સહેજ પણ અભાવ કે તિરસ્કાર લાવ્યા વગર મંત્રીએ મુનિને કહ્યું, "આપ કામ પતાવીને આપના સ્થાને પધારજો. તીર્થના વહીવટ અંગે થોડી વાતો કરવી છે."

મંત્રી વસ્તુપાળ પોતાને ઉતારે ગયા. પણ મંત્રીને જોઈને મુનિ સાવ ગંભીર બની ગયા. ઘાયલ પ્રાણીની જેમ ભારે વેદના અનુભવવા લાગ્યા. વસ્તુપાળે એમને એક પણ કડવો શબ્દ કહ્યો નહોતો પણ મુનિ ભારે ભોંઠપ અનુભવવા લાગ્યા.

એમને થયું, 'હે પ્રભુ! મારાથી કેટલી મોટી ભૂલ થઈ ગઈ! ક્યાં મારો નિર્મળ સંયમ અને ક્યાં મારું આ ઘોર પતન! સંયમની સીડીથી ઉપર ચડતો હતો અને ક્યાં આ ખાઈમાં સપડાઈ ગયો!'

મુનિને બરોબરની ઠેસ વાગી. ઈચ્છાઓના સરોવરમાં તણાઈ ગયેલા મુનિ એકદમ જાગ્રત થઈ ગયા. એમને થયું, 'મહામંત્રીએ મને બોલાવ્યો છે પણ હું શું મોઢું લઈને એમની પાસે જાઉં? એમણે મને કેવા ઉત્તમ કાર્ય માટે નીમ્યો હતો અને એ કાર્ય પ્રત્યે હું કેવો અપ્રમાણિક બની ગયો!'



મુનિએ મહામંત્રી વસ્તુપાળને કહેડાવ્યું, "મંત્રીવર! મારું કલંકિત મોં લઈને હું આપની સમક્ષ નહીં આવી શકું. આપે સોંપેલી જવાબદારી નિભાવવામાં હું સાવ નિષ્ફળ નીવડ્યો છું. ભૌતિક ચીજો માણવામાં હું આંધળો બની ગયો હતો. પણ હવે હું જાગ્રત બન્યો છું. પ્રાયશ્ચિત રૂપે મારા આત્મા પર લાગેલા કલંકને ધોવા મેં ઉગ્ર તપસ્યા આદરવાની પ્રતિજ્ઞા કરી છે."

મંત્રીએ આ વાત સાંભળી. ભૌતિક ચીજો ભોગવવાના સાગરમાં તણાઈ ગયેલા મુનિને, પળવારમાં જ ફરી આત્માસાધનાની સીડીના પગથિયા ચડતા જોઈ, મહામંત્રી વસ્તુપાળને ખૂબ આનંદ થયો.

અને તેઓ મનોમન મુનિને વંદી રહ્યા!



પરમ પૂજ્ય દાદાશ્રીના દેહવિલયને બે-ત્રણ વર્ષ થયા હતા. નીરુમાએ ગામેગામ અને દેશ-વિદેશ પરમ પૂજ્ય દાદાશ્રીનું જ્ઞાન ફેલાવવાનું શરૂ કરી દીધું હતું. મહાત્માઓને નીરુમા ઉપર ખૂબ પ્રેમભાવ હતો.

આ પ્રસંગ ટોરંટો (કૅનેડા)નો છે. નીરુમા સત્સંગ માટે ટોરંટો જવાના હતા. નીરુમા ટોરંટો આવે છે એ સમાચાર મળતાં જ ત્યાંના એક મહાત્મા બહેન, નીરુમાની આવવાની ખુશીમાં એટલા ભાવવિભોર થઈ ગયા કે શું કરવું એ એમને સમજાતું ન હતું.

એક બાજુ જોબ અને બીજી બાજુ નીરુમાની આવવાની તૈયારીઓ. સમયનો પુરેપૂરો અભાવ ! જોબમાં એક કલાક લંચ બ્રેક મળે તેમા એ બહેન નીરુમાને આપવા માટે કોઈ વસ્તુ લેવા નજીકના સ્ટોરમાં જતા. એ બહેનને ખૂબ આનંદ અને ભક્તિભાવ હતો કે નીરુમાને હું શું આપું...? શું આપું...? મનમાં થયા કરે. ઘણી બધી જગ્યાએ ફર્યા પછી એમને એક સ્વેટર મળ્યું. મનમાં સંતોષ તો ન હતો પણ લઈ લીધું...

નીરુમા આવ્યા ત્યારે એ બહેન હોંશે હોંશે એમને સ્વેટર આપ્યું. નીરુમાની આંખો સ્થિર થઈ ગઈ અને તેઓ ગંભીરતાથી બોલ્યા, "બહેન..! આ એક જ એવી જગ્યા છે જે પ્યોર છે. એને પ્યોર જ રહેવા દેને...!"

ભાવુક મહાત્મા બહેનને આશય ન સમજાતા તેઓ નીરુમાને આગ્રહભરી વિનંતી કરવા લાગ્યા, "પણ નીરુમા, હું સ્પેશિયલ આ તમારા માટે લાવી છું. કેટલા પ્રેમથી લાવી છું અને મેં આ લેવા માટે કેટલી દોડાદોડી કરી છે. તો તમે લો ને.."

નીરુમાએ કહ્યું, "નીરુમાનું સ્વેટર છે કરીને તું પહેરજે..."

વધુ આગ્રહ કરવાનું યોગ્ય ન જણાતા બહેન સ્વેટર પાછું લઈ લીધું. મનમાં કોઈ અવળો વિચાર ન હતો.

## મીઠી યાદેં



જેમ જેમ એ મહાત્મા જ્ઞાનમાં આગળ વધતા ગયા એમ એમ એમને નીરુમાએ કહેલા શબ્દોની ગહનતાનો ખ્યાલ આવ્યો કે એમના પ્યોરિટીની શું કિંમત છે અને એ બાબતે એમની કેટલી જાગૃતિ છે ! એમને આ જગતમાં પ્યોર થઈને જ રહેવું હતું. કોઈ પણ સંજોગોમાં પડવું નહોતું.

ત્યાર બાદ જ્યારે જ્યારે મહાત્માનો નીરુમા યાદ આવતા, એમનું મસ્તક ઝૂકી જતું.

**પ્યોરિટી તો એક માત્ર જ્ઞાની જેવી જ હોજો !**

**પૂજયશ્રીના સાનિધ્યમાં**
**ઉજવાયેલ ગુરૂપૂર્ણિમા**
**દરમિયાન અમેરરિકાના**
**બાળકોએ યોજેલ**
**સાંસ્કૃતિક કાર્યક્રમ અને**
**સાયન્સફેરના ફોટાઓ**



Akram Express

August 2014
Year : 6, Issue : 12
Conti. Issue No.: 72

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 31-12-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month






<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.